# જયપુરની સાયલાવાસ જેલ ખાતે કૂવાનું નવીનીકરણ અને પુનઃસ્થાપન



જયપુર, ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ : ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (એફઆઇએલ) તથા તેની સીએસઆર ભાગીદાર મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ)એ રાજસ્થાનનાં દાઉસા જીલ્લામાં સ્થિત સ્પેશિયલ સેન્ટ્રલ જેલ સાયલાવાસ ખાતે એક કૂવાના નવીનીકરણ અને પુનઃસ્થાપનનું ગર્વભેર ઉદ્‌ઘાટન કર્યું. આ પહેલ તેના વ્યાપક સીએસઆર પ્રયાસોનાં ભાગરૂપે ટકાઉ જળ વ્યવસ્થાપન અને સમુદાય સુખાકારી પ્રત્યે એફઆઇએલ-એમએમએફની અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં રાજસ્થાનના જેલ વિભાગના ડિરેક્ટર ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રીમતી મોનિકા અગ્રવાલ જી, શ્રી સૌરભ સ્વામી (એસપી જેલ) અને શ્રી રાજેશ દુકિયા (જેલર) તેમજ લવકુશ ગુર્જર (ઈન્ડસ્ટ્રી ઈનચાર્જ, જેલ) સહિત પ્રતિષ્ઠિત મહાનુભાવોએ હાજરી આપી હતી. એફઆઇએલ અને એમએમએફનું પ્રતિનિધિત્વ પશ્ચિમ ઝોનના સેલ્સ હેડ શ્રી ચિરાગ પગધર, સેલ્સ હેડ શ્રી નીતિન જૈન, જયપુર સેલ્સ હેડ શ્રી આશિષ શર્મા, ડોસાના ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના રિટેલર શ્રી પંકજ ખંડેલવાલ, શ્રી હેમંત ચતુર્વેદી અને એમએમએફના પ્રતિનિધિ શ્રી નીતુલ બારોટે કર્યું હતું.

આ પુનઃસ્થાપિત કૂવો એક પરિવર્તનશીલ પહેલ છે જે આશરે ૫૫૦ કેદીઓ અને સ્ટાફ મેમ્બર્સ માટે ટકાઉ પાણી પુરવઠો સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ પુનઃસ્થાપન સ્વચ્છ પાણીની પહોંચમાં નોંધપાત્ર સુધારો કરે છે, વસવાટની સ્થિતિમાં સુધારો કરે છે, સ્વચ્છતાના ધોરણો અને જેલ પરિસરમાં એકંદર સુખાકારીમાં સુધારો કરે છે. તે વૃક્ષારોપણના પ્રયાસોને પણ સમર્થન આપે છે, હરિયાળુ વાતાવરણ બનાવે છે અને બાહ્ય પાણીના સ્રોતો પર સુવિધાની નિર્ભરતા ઘટાડે છે. અગાઉ, જેલ માસિક રૂ. ૧ લાખના અંદાજીત ખર્ચે ટેકરના પાણી પર આધાર રાખતી હતી. પુનઃસ્થાપિત કૂવો ફક્ત આ ખર્ચને જ દૂર નથી કરતો પરંતુ સુવિધા માટે લાંબા ગાળાની સ્વ-નિર્ભરતા અને સંસાધન સંરક્ષણ પણ સ્થાપિત કરે છે.

આ પ્રસંગે વાત કરતા શ્રીમતી મોનિકાજીએ ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશનનો તેમના અર્થપૂર્ણ યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રોજેક્ટના ટકાઉ પ્રભાવ પર પ્રકાશ પાડતા કહ્યું કે અવિરત પાણી પુરવઠો દૈનિક કામગીરીમાં સુધારો કરશે અને વનીકરણ અને સુંદરીકરણના પ્રયાસોને સક્ષમ બનાવશે. આમ એક સકારાત્મક, પુનર્વસન વાતાવરણનું નિર્માણ થશે.

એફઆઇએલ-એમએમએફ તરફથી શ્રી ચિરાગ પગધરે પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન જેલ સત્તાધિશોનો સહયોગ અને આતિથ્ય બદલ આભાર માન્યો. તેમણે અસરકારક સીએસઆર પ્રોજેક્ટ્સ દ્વારા સામાજિક વિકાસ અને ટકાઉપણામાં યોગદાન આપવાના સંગઠનના મિશન પર ભાર મૂક્યો હતો.